સુવિચાર : દરેક વખતે કામમાં ડૂબેલા હોઈએ એનો અર્થ એવો નથી કે આપણે વ્યસ્ત છીએ... - ડો. હોમી ભાભા

તાપમાન
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦૨ | ૨ ઓક્ટોબર, ૨૦૧૫, શુક્રવાર ; ભાદરવા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે પ્રથમ ટ્વેન્ટી-૨૦ જંગ થશે
- બિહારમાં મોદીની આજે રેલીને લઈ તૈયારી
- છ વર્ષમાં સૌથી ઓછા વરસાદ સાથે મોનસુનની સિઝન સમાપ્ત
- હેલિકોપ્ટર કાંડ : ત્યાગીના પરિવારની સંપત્તિ જપ્ત થઈ
- ધર્મશાળા દેશના ખૂબસુરત મેદાન પૈકીના એક તરીકે છે
- હવે ભાજપ વિઝન ડોક્યુમેન્ટમાં લેપટોપ અને કલર ટીવીનું વચન
- લાલુએ ગોધરા પર બોગસ રિપોર્ટ તૈયાર કરાવ્યો હતો : અરૂણ જેટલી
- નિતિશકુમારને સંપૂર્ણ ટેકો છે : કેજરીવાલની સ્પષ્ટતા
- વિરભદ્રસિંહની ધરપકડ પર હાઈકોર્ટે અંતે સ્ટે મુકી દીધો
- સોમનાથ ભારતી કેસ : પાંચમી ઓક્ટોબરે વધુ સુનાવણી થશે

# બિનસબસિડીવાળા એલપીજીમાં ૪૨ રૂપિયા ઘટ્યા

નવી દિલ્હી, તા. ૧

એટીએફ અથવા જેટ ફ્યુઅલની કિંમતમાં વૈશ્વિક પ્રવાહ વચ્ચે ૫.૫ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે બિનસબ્સિડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં પ્રતિ સિલીન્ડર ૪૨ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. બિનસબ્સિડીવાળા કેરોસીનવાળા રેટમાં ૫૪ પૈસાનો વધારો કરીને તેની કિંમત પ્રતિ લીટર ૪૩.૧૮ રૂપિયા કરી દેવાઈ છે.



દિલ્હીમાં એવીએશન ટર્બાઈન ફ્યુઅલની કિંમતમાં ૫.૪૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે અથવા તો તેમાં પ્રતિ કિલો લીટર ૨૨૪૫.૯૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જેથી તેની કિંમત વધીને ૪૩૧૮૪.૧૬ પ્રતિ કિલો લીટર થઈ ગઈ છે. પહેલી સપ્ટેમ્બરથી અમલી બને તે રીતે અગાઉ પણ વધારો કરાયો હતો. જેટ ફ્યુઅલની કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા મળી રહી નથી.

**એટીએફની કિંમતમાં વધારો થતાં વિમાની ભાડા વધે તેવા સંકેત : બિનસબ્સિડીવાળા કેરોસીનની કિંમતમાં ૫૪ પૈસાનો લીટરદીઠ વધારો થયો, હાલના મહિનામાં બિનસબ્સિડીવાળા એલપીજી કિંમતમાં ચોથી વખત ઘટાડો**

બીજીબાજુ એરલાઈન્સ તરફથી વિમાની ભાડામાં કોઈ વધારો કરાશે કે કેમ તે અંગે કોઈ માહિતી મળી શકી નથી. આવી જ રીતે ઓઈલ કંપનીઓએ બિનસબ્સિડીવાળા એલપીજીની કિંમતમાં ૧૪.૨ કિલોગ્રામના સિલીન્ડર ઉપર ૪૨ રૂપિયાનો ઘટાડો કર્યો છે.

ક્વોટામાં રહેલા ૧૨ સિલીન્ડરોની ખરીદી કરવામાં આવ્યા બાદ જો જરૂર પડે તો ૧૩માં સિલીન્ડરની ખરીદી કરવામાં આવે તો પ્રતિ સિલીન્ડર ૪૨ રૂપિયાનો વધારે ખર્ચ પડશે. બિનસબ્સિડીવાળા રાંધણ ગેસની કિંમત દિલ્હીમાં ૫૧૭.૫૦ રૂપિયા છે. તાજેતરના મહિનાઓમાં આ ચોથી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. બિનસબ્સિડીવાળા એલપીજીની કિંમતમાં છેલ્લી વખતે પહેલી સપ્ટેમ્બરના દિવસે ૨૫.૫૦ રૂપિયા સુધીનો ઘટાડો કરાયો હતો. તે પહેલાં રેટમાં પહેલી ઓગસ્ટના દિવસે ૨૩.૫૦ રૂપિયા અને પહેલી જુલાઈના દિવસે પ્રતિ સિલીન્ડર ૧૮ રૂપિયાનો ઘટાડો કરાયો હતો.




# જિલ્લામાં વરસાદ ૨૦ દિવસ જ પડ્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ૨૮ ટકાની ઘટ સાથે ચોમાસાની વિદાય થઈ છે. ૧૦મી જૂનથી શરૂ થયેલા આ ચોમાસા દરમ્યાન જિલ્લાની સરેરાશ ૮૮૫ મિ.મિ. સામે ૬૪૧.૨૫ મિ.મિ. વરસાદ નોંધાયો છે. જે ૭૨.૩૮ ટકા થાય છે.

જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે. જે ૫૫૮ મિ.મિ. છે અને તાલુકામાં સરેરાશ નોંધાતા ૮૯૯ મિ.મિ. વરસાદ સામે ૬૨.૦૪ ટકા છે.

ગાંધીનગર તાલુકામાં ૨૦૦૪થી લઈ આ ૨૦૧૫ સુધીમાં

**૨૮ ટકા વરસાદની ઘટ : છેલ્લા ૧૧ વર્ષમાં ગાંધીનગર તાલુકામાં સૌથી ઓછો વરસાદ નોંધાયો**

નોંધાયેલો સૌથી ઓછો વરસાદ છે. ૨૦૦૪માં ગાંધીનગર તાલુકામાં ૮૦૬ મિ.મિ., ૨૦૦૫માં ૧૨૫૪ મિ.મિ., ૨૦૦૬માં ૧૧૩૩ મિ.મિ., ૨૦૦૭માં ૧૨૯૪ મિ.મિ., ૨૦૦૮માં ૮૦૨ મિ.મિ., ૨૦૦૯માં ૬૧૧ મિ.મિ., ૨૦૧૦માં ૯૧૩ મિ.મિ., ૨૦૧૧માં ૮૧૯ મિ.મિ., ૨૦૧૨માં ૬૯૦ મિ.મિ., ૨૦૧૩માં ૧૨૬૬ મિ.મિ., અને ૨૦૧૪માં ૫૫૯ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. આમ ૨૦૧૫માં ૧ મિ.મિ. વરસાદ ઓછો પડ્યો છે.

આ પછી કલોલ તાલુકો આવે છે. જ્યાં ૫૯૯ મિ.મિ. વરસાદ નોંધાયો છે. જે ૭૦.૨૨ ટકા છે. દહેગામમાં ૬૬૯ મિ.મિ. અને માણસામાં ૭૩૯ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આ વખતે વરસાદના ટ્રેન્ડમાં પણ બદલાવ જોવા મળ્યો છે. જિલ્લામાં ત્રણ તબક્કે વરસાદ નોંધાયો છે અને ત્રણેય વાર રાજ્યમાં ઉભી થયેલ ડિપ્રેશન સિસ્ટમને લઈ વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં ૨૦૧૪ કરતાં આ વખતે વરસાદના દિવસો પણ ઘટ્યા છે. ૨૦૧૪માં ચોમાસાના ચાર માસમાં ૨૭ દિવસ વરસાદ નોંધાયો હતો જ્યારે ૨૦૧૫માં

● અનુસંધાન પાન-૭ પર

# સવર્ણ ગરીબો માટે અનામતની કોંગ્રેસ દ્વારા માંગ

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ચાલતા પાટીદાર અનામત આંદોલનના સંદર્ભમાં કોંગ્રેસ દ્વારા પ્રથમવાર પોતાનું વલણ સ્પષ્ટ કરતા હાલની અનામત પ્રથા યથાવત રાખી તમામ ગરીબ સવર્ણા માટે ૧૫થી ૨૦ ટકા અનામતની માંગણી કરી છે. ગુજરાત કોગ્રેસના પ્રભારી ગુરૂદાસ કામતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, હાલ જે જાતિઓ અનામત વર્ગમાં છે તેમના હિતોને કોઈ નુકસાન ન થાય તે રીતે બિનઅનામત વર્ગના ગરીબ લોકો માટે ૧૫થી ૨૦ ટકાની વધારાની અનામતની જોગવાઈ કેન્દ્ર સરકારે કરવી જોઈએ અને ગરીબ સર્વણો માટે ૧૫થી ૨૦ ટકા અનામત વધારાની જોગવાઈ કરવી જોઈએ.

**આર્થિક ગરીબ સવર્ણ માટે ૧૫થી ૨૦ ટકા અનામતની જોગવાઈ કરવા કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી કામતની માંગણી : રાષ્ટ્રવ્યાપી આંદોલન કરવાની ચીમકી**

કરવી જોઈએ અને કેન્દ્ર સરકારે જાતે જ સુપ્રિમ કોર્ટમાં આ અંગે રજુઆત

જો કેન્દ્ર સરકાર આ અંગે કોઈ નિર્ણય નહિ લે તો કોંગ્રેસ ગરીબ સવર્ણોને અનામત આપવાની માગણી સાથે રાષ્ટ્રવ્યાપી આંદોલન કરશે તો ગરીબ સવર્ણાનો અનામતનો લાભ અપાશે તેવી પણ તેમણે જાહેરાત કરી હતી.




**મકાન ભાડે આપવાનું છે**

ગર્લ્સ માટે / બોયઝ માટે જમવાના સાથે સવારે - સાંજે

સંપર્ક : ૯૮૨૪૨ ૬૧૦૬૧

**ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ**
(ગુજરાત સરકારનું સાહસ)
રજી. ઓફીસ : બ્લોક નં.૬, ૫મો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૧.
GUDC

જીયુડીસી લિ. કચેરી ઉદ્યોગભવન, ગાંધીનગર ખાતે ઝેરોક્ષ તથા પ્રિન્ટીંગ કામગીરી માટે અદ્યતન ઝેરોક્ષ મશીન ભાડેથી મૂકવાનું હોઈ, રસ ધરાવતી ગાંધીનગર સ્થિત એજન્સીઓએ કંપનીનું નિયત ભાવપત્રક તા.૦૯-૧૦-૨૦૧૫ સુધીમાં કચેરીની વેબસાઈટ www.gudcltd.com ઉપર થી ડાઉનલોડ કરી મેળવી લેવા વિનંતી.

સંપર્ક નં. ટેલીફેક્સ નં. ૨૩૨૪૧૮૬૫-૬૬, ૨૩૨૪૬૧૨૭-૨૮ — વાઈસ પ્રેસિડેન્ટ (સીએ)







